Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



પુસ્તક : ૯૫ ✠ અંક ૧૧-૧૨

ભાદરવો-આસો

સપ્ટેમ્બર-ઓકટોબર : ૯૮

✠ આત્મ સંવત : ૧૦૧ ✠

✠ વીર સંવત : ૨૫૨૪ ✠

✠ વિક્રમ સંવત : ૨૦૫૪ ✠

प्राणी निर्मांति भाग्य स्वं स्वप्रवृत्त्यनुसारतः ।
यथाभाग्यं च सामग्रीं जीवनस्योपगच्छति ॥

પ્રાણી પોતાની પ્રવૃત્તિ અનુસાર
પોતાનું ભાગ્ય ઘડે છે અને
પોતાના ભાગ્ય અનુસાર જીવનસામગ્રી મેળવે છે.

The phenomenal soul moulds its fate
according to its actions, and as it moulds
its fate so it gets the means for living.

(કલ્યાણભારતી : ગાથા-૧૫)

For Private And Personal Use Only

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | હે મહાવીર ! છે પ્યારા | અમુલખરાય ડી. શાહ | ૮૧ |
| (૨) | સમજ્ઞેદ્ધારકનો મૂળ મંત્ર (હપ્તો ૩જો–ગતાંકથી ચાલુ) | ડૉ. કુમારપાળ દેસાઇ | ૮૨ |
| (૩) | જ્ઞાન પંચમી | પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિજી મ. | ૮૫ |
| (૪) | પૂ જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (હપ્તો ૯મો–ગતાંકથી ચાલુ) | — | ૮૭ |
| (૫) | ઇચ્છાઓ અને માયાના આ જગતમાં તપ અને ત્યાગ બંધનમાંથી મુક્ત થવાની ચાવી છે | મહેન્દ્ર પુનાતર | ૯૧ |
| (૬) | સમાધિમરણની ચાવી–શ્રી નવકાર | કાન્તિલાલ કરમશી વિજપાર | ૯૪ |
| (૭) | સાભાર સ્વીકાર | | ૯૬ |
| (૮) | ભાવનાનાં મોતી | લક્ષ્મીચંદભાઇ છ. સંઘવી | ટાઇ. પેજ ૩ |


**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

**શ્રી પ્રદિપકુમાર નરોત્તમદાસ કપાસી (સી. એ.)–મુંબઈ**

**આ સભાના નવા આજીવન સભ્યશ્રી**

**શ્રી મોનાબેન અમિતકુમાર શાહ–ભાવનગર**

## નૂતન વર્ષાભિનંદન



આજના મંગલમય પ્રભાતથી શરૂ થતું નૂતન વર્ષ
આપણા જીવનમાં માનવતા અને જીવમાત્ર પ્રત્યે સ્નેહભાવની
જ્યોત પ્રગટાવે....આપની શુભ ભાવનાઓ, શુભ સંકલ્પો અને
રિદ્ધી–સિદ્ધીના ગુલાબી સ્વપ્નો સાકાર બનો....
એવી પ્રભુ પાસે વિનમ્ર પ્રાર્થના સહ નૂતન વર્ષના અભિનંદન....

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : **શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**


## હે મહાવીર ! છો પ્યારા

[ તર્જ : હે ત્રીશલાના જાયા, માગું તારી માયા ]

હે મહાવીર ! છો પ્યારા, ગાઉં ગાન તમારા;
કરી રહો જો કરૂણા મુજ પર, બંધન છુટે મારા.
....હે મહાવીર !

બાકુળા ચંદનના વહોર્યા, તુટી પગની બેડી;
ચંડકૌશીકને ઉગારવાને, લીધી ભયાનક કેડી,
વૈરીને વશ કરવા માટે, પ્રેમથી ભીંજવનારા.
....હે મહાવીર !

ગૌતમ આવે વાદ કરવા, તુજ વાણીથી નમતા;
ગોશાળો ગાળો આપે પણ, દિલમાં સમતા ધરતા,
વિરોધીઓ કે મિત્રો ઉપર, સમદૃષ્ટિ ધરનારા.
....હે મહાવીર !

કર્મ પ્રમાણે જન્મ લઇને, સૌ સંસારે આવે;
ના કોઇ આતમ ઉંચો-નીચો, સરીખા સૌને ગણાવે,
મુક્તિના છે સૌ અધિકારી, સત્ય એ સમજાવનારા.
....હે મહાવીર !

અહિંસા એક જ ધર્મ સાચો, આચારથી સમજાવ્યો;
જીવો ને જીવવા દો એવો, સંદેશો લહેરાવ્યો,
શ્રી વૃદ્ધિચંદ્રજી મંડળ ગાવે, સૌ દિલમાં વસનારા.
....હે મહાવીર !

રચયિતા : **અમુલખરાય ડી. શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાજોદ્ધારકનો મૂળ મંત્ર

હપ્તો ૩ જો )

અનુ. લેખક : ડૉ. કુમારપાળ દેસાઈ

( ગતાંકથી ચાલુ )

યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના વિચારોએ ચીલાચાલુ સમાજને એક નવું દર્શન આપ્યું હતું. અહીં એક વિકટ સમસ્યા પર એમણે વેધક પ્રકાશ પાડ્યો છે. આ લેખ યુગદર્શી આચાર્યશ્રીની વ્યાપક દૃષ્ટિ અને સમસ્યાના વાસ્તવિક ઉકેલ માટેનું દર્શન પૂરું પાડે છે. હિંદીમાં અપાયેલા એમના આ વક્તવ્યોનો જાણીતા લેખક ડૉ. કુમારપાળ દેસાઈએ અનુવાદ કર્યો છે. આ વિચારોનું તલસ્પર્શી અવગાહન કરવા વાચકોને વિનંતી છે.

એક રાજા રાજ્યસત્તા હાથમાં લઈને પ્રજા-રક્ષાનું કશું ય કાર્ય ન કરે, તો તમે એને શું કહેશો? એવી રીતે તમે આસ્તિક બનીને ઉચ્ચ ધર્મ પામ્યા હોવાથી ધર્મમાં વિશ્વાસ રાખતા હો તો પછી વિલાસિતા, ફેશન, પ્રમાદ, સમાજ સુધારા તરફ ઉપેક્ષા અને ધર્માચરણમાં આળસ અપનાવીને ખોટાં કામ કરો તે કેટલું યોગ્ય ગણાય? શું તમે તમારા ખોટાં કાર્યોથી આસ્તિક, ધર્માત્મા કે દેવતાઓના પ્રિય ગણાવવાને યોગ્ય ખરા? જો કોઈ આસ્તિક થઈને અસત્ય બોલે, ચોરી કરે અથવા બીજું કોઈ પાપકર્મ કરે તો એ તેના વ્યવહારથી નાસ્તિકતા ફેલાવનાર કે નાસ્તિક ગણાય કે નહીં?

આજે ઘણી વખત આત્માને ન માનનારા નાસ્તિકો આસ્તિકોની સરખામણીએ વધારે ચારિત્રશીલ, સત્યવાદી અને અન્યાય-અનીતિ પ્રત્યે ઘૃણા ધરાવનારા જોવા મળે છે, તો શું વ્યાવહારિક દૃષ્ટિએ તેમને આસ્તિક ન કહી શકાય? સાચા આસ્તિક અને ધર્મશીલ વ્યક્તિના વિચાર, સંપત્તિ અને શક્તિ સમાજોદ્ધાર માટે, પ્રાણી માત્રના કલ્યાણ માટે, દેશ, ધર્મ અને સમાજની રક્ષા માટે તથા સમ્યક્‌જ્ઞાનના પ્રચાર માટે હોય છે.

આસ્તિક વ્યક્તિઓ જ્યારે દૈવીગુણોથી સંપન્ન થશે, ત્યારે જ તેઓ દેવોના પ્રિય અને સજ્જન કહેવાશે અને ત્યારે જ સાચા અર્થમાં સમાજોદ્ધારની ઇમારતનો પાયો નખાશે.

### સમાજોદ્ધારનાં મૂળ તત્ત્વ :

સમાજના ઉદ્ધારનો પાયો કેટલાંક મૂળ તત્ત્વો પર આધારિત છે, એને અપનાવ્યા વિના આ કાર્ય મંદ અને અપરિપક્વ રહેશે. તે મૂળ તત્ત્વો પર ક્રમશઃ વિચાર કરીએ :

### (૧) ધર્મમર્યાદાઓનું અનુસરણ :

શુદ્ધ અને વ્યાપક ધર્મ તે સમાજનો પ્રાણ છે, એ ધર્મની મર્યાદાને સમાજનો પ્રત્યેક સભ્ય અનુસરે ત્યારે જ સમાજ સ્વસ્થ અને સુખી રહી શકે. જે સમાજમાં ધર્મ-મર્યાદાઓ (નિયમો, વ્રતો વગેરે)નું પાલન થઈ શકતું નથી તેમાં ઝડપથી અવ્યવસ્થા અને અશાંતિ ફેલાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે ધર્મ અને વ્યવહારને તદ્દન ભિન્ન માનવાને કારણે સમાજ નિર્જીવ અને ધર્મ નિર્વીર્ય થઈ ગયો છે. ધર્મને પોતાની તેજસ્વિતા દર્શાવવાનું ક્ષેત્ર તો સમાજ છે, માત્ર વ્યક્તિના જીવનમાં ધર્મ હોય અને સમગ્ર સમાજના જીવનમાં ધર્મનું વાતાવરણ ન હોય તો તે વ્યક્તિગત ધર્મ પણ તેજસ્વી નથી બની શકતો, બલ્કે રૂઢિચુસ્ત થઈ જાય છે. પરિણામે સામાજિક વ્યવહારમાં પ્રત્યેક પગલે અને દરેક વળાંક પર ધર્મનો સમન્વય થવો જોઈએ. ધર્મથી વિરૂદ્ધ એવું કોઈપણ સામાજિક કાર્ય કે વ્યવહાર થવો ન જોઈએ, તો જ સમાજોદ્ધારનો પાયો મજબૂત થશે.

## (૨) સંપ ત્યાં જંપ :

સંપ જ સમાજમાં સંપત્તિની વૃદ્ધિ કરાવનાર છે. સમાજમાં સંપ ન હોવાને કારણે થતા પરસ્પર કલહ, વૈમનસ્ય, મતભેદ અને સંઘર્ષને કારણે સમાજની ઉન્નતિના અનેક મહત્ત્વપૂર્ણ કાર્ય અવરોધ પામે છે. સંપ વિના સમાજના સભ્યોની શક્તિ વેર-વિખેર થઈ જાય છે. સારા કામમાં શક્તિ યોજવાને બદલે વ્યર્થ કાર્યોમાં શક્તિ વેડફાય છે, તેથી જ સમાજોદ્ધાર માટે સંપ એક મહત્ત્વપૂર્ણ કડી છે.

## (૩) વાત્સલ્યનું પરસ્પર આદાન-પ્રદાન :

સમાજમાં પરસ્પર વાત્સલ્યભાવ હોય તો જ સામાજિક ઉત્કર્ષ થઈ શકે. પરસ્પરને માટે વાત્સલ્યભાવ હશે તો જ લોકો સમાજના ઉદ્ધારની વાતમાં રસ લેશે. સમાજમાં પછાત, દલિત, અસહાય, અનાથ, વિકલાંગ અને નિર્ધન વ્યક્તિઓ પ્રત્યે વાત્સલ્યભાવથી પ્રેરાઈને જ સાધન-સંપન્ન વર્ગ સામાજિક કુરૂઢિઓને બદલવા કે સુધારવા માટે પ્રયત્નશીલ થશે અને આવો સંપન્ન વર્ગ તેમની સેવા કરવાની ભાવનામાં વૃદ્ધિ કરશે.

સાધર્મી-વાત્સલ્યનો અર્થ આજે ઘણો સંકુચિત કરી નાખ્યો છે સાધર્મીને માત્ર ભોજન કરાવવામાં જ સાધર્મી - વાત્સલ્યની ઇતિશ્રી થઈ જતી નથી. આદરપૂર્વક ભોજન કરાવવું એ વાત્સલ્યની વૃદ્ધિનું કારણ ગણાય, પરંતુ સાચા અર્થમાં સાધર્મી-વાત્સલ્યનો અર્થ તો છે સમાજના પછાત, અસહાય નિર્ધન અને બેકાર વ્યક્તિઓને ધંધો-રોજગાર કે નોકરી અપાવીને જરૂરી સહયોગ આપીને પોતાની જેવા સમાન બનાવવા. પોતાની નામના અને કીર્તિ માટે પોતાના સમાજના ભાઈઓને એક દિવસ માટે ભોજન કરાવવું અને ક્યારેક વિપત્તિના સમયે તેઓ સુખી-સંપન્ન ભાઈઓ પાસે આવે, ત્યારે ભોજન કરાવવાની વાત તો દૂર રહી, કિંતુ ધક્કા મારીને અથવા તોછડો જવાબ આપીને અપમાનિત કરીને કાઢી મૂકવા તેને સાચું સાધર્મી-વાત્સલ્ય ગણાય ખરું ?

સાધર્મી-વાત્સલ્યનું પ્રાચીન જવલંત ઉદાહરણ માંડવગઢનું છે. બહારથી માંડવગઢમાં વસવાટ માટે આવેલી વ્યક્તિને દરેક ઘેરથી એક એક ઈંટ અને એક એક રૂપિયો આપવામાં આવતો હતો. ઈંટોથી તેનું રહેવાનું મકાન તૈયાર થઈ જતું અને રૂપિયાથી તેનો વ્યાપાર-ધંધો ચાલુ થઈ જતો. આમ સમાજ તરફથી સાથ પ્રાપ્ત કરનાર આગંતુક વ્યક્તિ સમાજના ઉત્થાનમાં હૃદય રેડીને કાર્ય કરતા હતા.

વાત્સલ્યનું પરસ્પર આદાન પ્રદાન સમાજોદ્ધારના કાર્યને અત્યંત સરળ અને સુલભ બનાવે છે.

## (૪) સહયોગનું આદાન પ્રદાન :

સમાજમાં વિવિધ પ્રકારની શક્તિ ધરાવતી વ્યક્તિઓ હોય છે કોઈની પાસે શ્રમની શક્તિ હોય છે તો કોઈની પાસે ધનની શક્તિ હોય છે. કોઈ વિદ્યા (જ્ઞાન)ની શક્તિ ધરાવે છે અને કોઈ શારીરિક રીતે બળવાન હોય છે, પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરસ્પરના સહયોગના અભાવે આ સઘળી શક્તિ અલગ અલગ રહીને કુંઠિત થઇ જાય છે. પોતાનામાં જ સીમિત રહીને વ્યક્તિગત તુચ્છ સ્વાર્થોમાં રચ્યા પચ્યા રહે છે. સમાજની ઉન્નતિના કાર્યમાં કોઇ પોતાની શક્તિનું પ્રદાન કરવા તૈયાર થતું નથી. પરિણામે સમાજ નિર્બળ અને કાયર બની જાય છે. કોઇપણ વ્યક્તિ આવા સમાજને દબાવી, હરાવી કે તેના પર પ્રભુત્વ મેળવીને તેને ગુલામ બનાવી શકે છે. પ્રગતિની ઘોડદોડમાં આવો નિર્બળ અને ડરપોક સમાજ પાછળ પડી જાય છે. સમાજમાં પરસ્પરના સહયોગના અભાવને કારણે તુચ્છ, સ્વાર્થી અને સ્વકેન્દ્રી લોકો કેટલું મોટું નુકશાન કરે છે તેનું એક દૃષ્ટાંત જોઇએ. (ક્રમશઃ)

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા સ્કોલર વિદ્યાર્થી ભાઈ–બ્હેનોનું સન્માન



શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા ગત તા. ૧૬-૮-૯૮ ને રવિવારના રોજ ન્યુ એસ.એસ.સી. ૧૯૯૮ની વાર્ષિક પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બ્હેનોને ઇનામ અર્પણ કરવાનો તેમજ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવાનો એક બહુમાન સમારંભ યોજવામાં આવ્યો હતો. સંસ્કૃત વિષયમાં ૯૪ માર્ક્સ મેળવનાર જિનલ જિતેન્દ્રકુમાર શાહ તથા કુ. જિજ્ઞા મહેન્દ્રકુમાર શાહને રૂા. ૨૦૧/-ના રોકડ ઇનામ સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ (એડવોકેટ)ના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

સંસ્કૃત વિષયમાં ૮૦ થી વધુ માર્ક્સ મેળવનાર ૨૬ વિદ્યાર્થી ભાઇ-બ્હેનોને માર્ક્સ મુજબ ઇનામો એનાયત કરવામાં આવેલ. તેમજ કોલેજમાં અભ્યાસ કરતાં ૧૭ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવામાં આવી હતી.

આ બહુમાન સમારંભનું આયોજન સભાના પ્રમુખ શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ, મંત્રી શ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ, ઉપપ્રમુખ શ્રી દિવ્યકાંતભાઇ સલોત, ખજાનચી શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ તથા સભાની કારોબારીના સભ્યશ્રીઓ તથા સભાના મેનેજર શ્રી મુકેશકુમાર એ. સરવૈયા તથા અનીલકુમાર એસ. શેઠ દ્વારા સારી એવી જહેમત ઉઠાવી આ સભારંભને યાદગાર બનાવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાન પંચમી



લેખક : પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિજી. મ.

રજુઆત : મુકેશ એ. સરવૈયા

શાસ્ત્રકાર મહર્ષિ સમજાવે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની તિથિ કોઇ નક્કી નથી, પણ એક ગુણને લઇને જ્ઞાનપંચમી નક્કી થઇ છે.

જ્ઞાન પંચમી પાછળ દીર્ઘદષ્ટિનો મહાસાગર પડયો છે. એને શાસ્ત્રદષ્ટિથી જોવું પડશે.

આ જીવ આઠ કર્મની જાળથી સંસારમાં ભટકી રહ્યો છે. આત્મા પર કર્મનાં પડ લાગેલા છે. તેથી આત્માનું હીર અર્થાત્ શુદ્ધ સ્વરૂપ દેખાતું નથી. આત્માનું સ્વરૂપ જ્ઞાનથી જણાય છે.

આત્માનો ગુણ જ્ઞાન છે. જેમ જેમ જ્ઞાન આવતું જાય, તેમ તેમ આત્મા શુદ્ધ બનતો જાય છે. સ્વ અને પરને પ્રકાશિત કરનાર જ્ઞાન છે.

શ્રુત જ્ઞાન બોલતું છે, ત્યારે કેવળ જ્ઞાન મૂંગુ છે. કેવળ જ્ઞાનને બતાવનાર શ્રુત જ્ઞાન છે. સિદ્ધને ઓળખાવનાર અરિહંત છે. અરિહંતો પણ સિદ્ધને જ નમસ્કાર કરે છે. સંસારને પાર કરાવનાર જ્ઞાન છે. શ્રુત જ્ઞાન આત્માને ઓળખાવે છે. જીવો અજ્ઞાનથી કર્મબંધન કરે છે.

ત્રિપૃડ વાસુદેવના ભવમાં ઊંઘતી વખતે સંગીત બંધ કરાવવાનું સેવક ભૂલી ગયો, તો વાસુદેવે તેના કાનમાં સીસું રેડાવ્યું. આ હતી અજ્ઞાન અવસ્થા. જેમ જ્ઞાન આવતું ગયું, તેમ વિષય કષાય પાતળા થતાં ગયા. જ્યારે પ્રભુના કાનમાં ખીલા ઠોકાય છે, ત્યારે પ્રભુ વિચારે છે. "અજ્ઞાન અવસ્થામાં કરેલું કર્મ જ્ઞાનથી ભોગવવાનું છે."

અંધારામાં વાળેલી ગાંઠ પ્રકાશમાં છોડવાની છે.

રોગ, શોક, દુઃખ બધુ કર્મથી આવે છે. જ્ઞાનથી બધાનો વિચાર કરવાનો છે.

જીભ ગમે તેટલું ઘી ખાય, પણ તે ચીકણી બનતી નથી, તેવી રીતે જગતમાં રહેવા છતાં ચીકાશથી ચીકણા થઇને જીવવાનું નથી, પણ અલિપ્ત રહેવાનું છે. આ બધુ જ્ઞાનથી સમજાય છે. આ સમજણ માટે જ્ઞાન પંચમી છે.

ચાર ચાર માસ વરસાદ વરસ્યો, વાતાવરણ ભેજથી છવાઇ ગયું. ત્યારે પુસ્તકોને ખૂબ જ ભેજ લાગેલ હોય. શરદ પછીનું આકાશ શુદ્ધ હોય છે, તડકો ચોખ્ખો હોવાથી ચોપડીઓનો ભેજ ચાલ્યો જાય. પુસ્તકોના ભંડારો દર વર્ષે ચોખ્ખા થવા જોઇએ.

પુસ્તકોનું (શ્રુતજ્ઞાનનું) રક્ષણ પ્રાણથી પણ કરવું જોઇએ.

જ્ઞાનની પૂજા ત્રણ પ્રકારે કરવાની છે : (૧) જ્ઞાનના સાધનને (પુસ્તકો-ગ્રંથો) ને પૂજવાના-સ્વચ્છ રાખવાના (૨) જ્ઞાનના સાધકને પૂજવાના. (૩) જે સાધ્ય છે, તે ઉપકરણોની પૂજા કરવાની.

ચંડકૌશિકને જ્ઞાન આવતાં આઠમાં દેવલોકે પહોંચ્યો.

જ્ઞાનની આશાતના કદિ કરવી નહિ.

જ્ઞાનથી આત્માને શોભાવવાનો છે. જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મોનો ક્ષય કરી નાખે છે.

For Private And Personal Use Only

કર્મક્ષય માટે જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર આવશ્યક છે. જ્ઞાનસભર જ્ઞાનીનું વંદન-પૂજન અને સન્માન થવું જોઇએ. જ્ઞાનને જીવનમાં ઉતારવાનું છે, ને જીવવાનું છે. જ્ઞાનથી માનવની કક્ષા ઉત્તરોત્તર વધતી જાય છે. પંચેન્દ્રિય બનવા માટે ઘણું જ જ્ઞાન ઉપાર્જન કરવું પડે છે. ઘાટી અને ગવર્નર બન્ને માણસો છે. એક અજ્ઞાનથી ક્ષુદ્ર કામ કરે છે, બીજો જ્ઞાનથી ઉચ્ચ સ્થાન શોભાવે છે.

મોક્ષ માર્ગે લઇ જનાર ભોમિયો જ્ઞાન જ છે. સંસારમાં દેષ્ટાને દોરવણી આપનાર જ્ઞાન છે. જ્ઞાન એ માનવ જીવનની શોભા અને સૌભાગ્ય છે. માણુસ જ્ઞાનથી જ શોભે છે.

જ્ઞાન પંચમીને દિવસે જ્ઞાનની-પુસ્તકોની ફક્ત પૂજા કરવી તે પૂરતું નથી, પરંતુ જ્ઞાનનો યોગ વધુ થાય તે માટે પઠનપાઠન અવશ્ય કરવું. લોકોને સમજાય તેવું જ્ઞાન સાહિત્ય ફેલાય તેવો પ્રયત્ન કરવો. જ્ઞાનને પચાવનાર જ્ઞાની મહાત્માઓની સેવા-ભક્તિ કરવી. તેઓ જ્ઞાનને વધુ જાણે ને સ્વ તથા પરના શ્રેયાર્થે તેનો સદુપયોગ કરે તે માટે દરેક પ્રકારની સગવડતા કરી આપવાનો ઉદ્દેશ જ્ઞાન પંચમીનો છે. તે દિવસે નાના-મોટા દરેકને જ્ઞાન પ્રતિ આધ્યાત્મિક જ્ઞાનની જિજ્ઞાસા થાય, આધ્યાત્મિક જ્ઞાન મેળવવાની અભિલાષા થાય તેવું વાતાવરણ ઉપસ્થિત કરવાની ફરજ છે. આ બધા જ્ઞાન પંચમીને ઉજાળવાના ઉપાયો છે.




## શારદા પૂજન વિધિની બુક અવશ્ય વસાવો

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ **"જૈન શારદા પૂજન વિધિ"** બુક દિવાળીના દિવસે વહીપૂજન અર્થાત્ સરસ્વતી (શારદા) પૂજનના સુઅવસરે કરવાની વિધિ તથા બોલવાની વિધિથી સભર છે.

ગુરુ ગૌતમસ્વામી, માતા સરસ્વતી દેવી તથા માતા મહાલક્ષ્મી દેવીના આકર્ષક ફોટાઓ સાથેની આ બુકની કિંમત માત્ર રૂ. ૩-૦૦ (ત્રણ) રાખવામાં આવેલ છે.

સંપર્ક :- **શ્રી જૈન આત્માનંદ સભા**
ખોડીયાર હોટલ સામેના ખાંચામાં,
ખારગેઇટ, ભાવનગર.
સમય :- સવારના ૧૦ થી ૧૨
સાંજના ૪ થી ૬

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૯ મો ] [ ગુરુવાણી ભાગ-૧માંથી સાભાર... ]

જેમ ઝવેરી હીરાને સૂક્ષ્મબુદ્ધિથી જુએ, તેની પરખ કરે તો તે ઝવેરી સાચો હીરાપારખું ગણાય, તેમ અહીં સર્વ અનર્થોના મૂળને દૂર કરનાર એવા ધર્મરૂપી હીરાની સાચી પરખ કરનાર પણ સૂક્ષ્મ બુદ્ધિવાળો માણસ ગણાય.

સમાધિમરણ ક્યારે મળે? માણસના શરીરમાં ક્યાંય પણ કંઇક દુઃખાવો થતો હોય તો તેને સ્વસ્થતા લાગતી નથી. જો સ્વસ્થતા મેળવવી હોય તો તે શલ્યને તેણે દૂર કરવું જોઇએ. તેમ મરણ વખતે સમાધિ જોઇતી હોય તો જીવનમાં કરેલાં પાપોરૂપી શલ્યની આલોચના લેવાથી જ સમાધિ પ્રાપ્ત થાય છે. આલોચના લેવી ખૂબજ કઠિન છે. **ભૂલ કરવી એ તો મનુષ્યનો સ્વભાવ છે પરંતુ ભૂલ કર્યા પછી તેનો સ્વીકાર કરવો એ જ ઉત્તમમાં ઉત્તમ છે.** મનુષ્યની મોટામાં મોટી નબળાઈ આ જ છે કે તે ભૂલ કર્યા પછી તેનો એકરાર કરતાં ડરે છે. વધારે તો તેમાં અહંકારભાવ આડો આવે છે. ચંડકોશિયો પૂર્વભવમાં માસક્ષમણને પારણે માસક્ષમણ કરે છે. પરંતુ એક વાર વહોરવા જતાં એક દેડકી પગ નીચે કચડાઇ જાય છે. સાથે રહેલા નાના સાધુ મહારાજ તેમને બતાવે છે કે મહારાજ! આ દેડકી પગ નીચે આવી ગઇ. પણ ત્યાં ભૂલ સ્વીકારવાને બદલે ગુસ્સામાં બોલે છે કે શું આ ઘણીએ દેડકીઓ મરેલી પડેલી છે, તે બધી મેં મારી છે? પછી સાંજનાં પ્રતિક્રમણ સમયે નાના સાધુ મહારાજ દેડકી મરી જવાથી લાગેલું પાપ યાદ કરાવે છે ત્યારે ક્રોધમાં એ સાધુને મારવા માટે દોડે છે અને કોઇ થાંભલા સાથે અથડાતા કાળધર્મ પામે છે. ક્રોધમાં મરીને તે ચંડકોશિયો નાગ બને છે. ભૂલ સ્વીકારવી કેટલી કઠિન છે? તે આના પરથી સમજાશે. આલોચના આપનાર ગુરૂને શાસ્ત્રમાં અપરિશ્રાવી કહેવામાં આવે છે. માટીના ઘડામાં રહેલું પાણી ઝર્યા કરે છે પણ તાંબાના ઘડામાં રહેલા પાણીનું એક બિંદુ પણ બહાર ન આવે તેમ સાંભળનાર આચાર્યમહારાજ તાંબાના ઘડા જેવા હોવા જોઇએ. ડોક્ટર કોઇ પણ દુઃખને ઓપરેશનથી બહાર કાઢે છે તેમ આલોચના મનમાં રહેલા પાપને બહાર કાઢે છે.

પ્રતિક્રમણમાં 'દેવસિઅ' આલોઉં' એ પાઠ આવે છે ત્યાં પહેલાના જમાનામાં શિષ્યો દિવસ દરમ્યાન લાગેલા પોતાના દોષો ગુરૂમહારાજને કહે છે. એક ગામમાં ઉપાશ્રયમાં કેટલાક સાધુ ભગવંતો બિરાજમાન છે. ત્યાં કોઇ ગીતાર્થ ગુરૂમહારાજ પધારે છે. રાત્રે પ્રતિક્રમણના સમયે એક પછી એક સાધુ મહારાજ ગુરૂમહારાજ પાસે આવીને આલોચના માંગે છે. પણ ગુરૂમહારાજ જ્ઞાની નહોતા. તેથી તે શિષ્યોને કહેતા કે વાહ આ શિષ્ય કેવો સરળ છે? પોતાના બધા દોષો કહી દે છે. આમ આ શિષ્ય રોજ એની એ ભૂલ કરે અને રોજ ગુરૂમહારાજ પાસે આવીને કહે. આમ બે-ત્રણ દિવસ ચાલ્યું. ગીતાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂમહારાજ આ જૂએ છે. પોતે સૂક્ષ્મબુદ્ધિથી વિચારે છે કે આ રીતે દોષોનું પ્રાયશ્ચિત ન હોય. આમ કરતાં તો આખો સંઘાડો ખલાસ થઇ જશે. તેઓ બધા સાધુમહારાજને ભેગા કરે છે અને એક દૃષ્ટાંત આપે છે.

એક નગરમાં એક માણસ રહેતો હતો. તે અગ્નિદેવનો ભક્ત હોવાથી અગ્નિદેવને ખુશ કરવા માટે રોજ કંઇકને કંઇક સળગાવીને દેવને તર્પણ કરતો હતો. કોઇ દિવસ ઘાસનો પૂળો, કોઇ દિવસ જીર્ણ-શીર્ણ થયેલું મકાન વગેરે. રાજા પણ તેની અગ્નિદેવ તરફની ભક્તિને પ્રોત્સાહન આપતો હતો. છેવટે એક વખત એવો આવ્યો કે તેણે એક ઝુંપડી સળગાવી. પવન ફૂંકાયો અને આગ કાબૂમાં રહી નહીં, આખો મહોલ્લો બળીને સાફ થઇ ગયો. આ રીતે ગીતાર્થ ગુરૂમહારાજ કહે છે કે શિષ્યોને દોષોનું પ્રાયશ્ચિત આપવાને બદલે તમે તો રોજ એમના પાપને પ્રોત્સાહન આપો છો. આજે એક શિષ્ય કરશે, કાલે બીજો શિષ્ય એનાં એ પાપો કરશે. જેમ પેલો મહોલ્લો બળીને ખાખ થઇ ગયો તેમ તમારો આખો સમુદાય ખલાસ થઇ જશે. આ રીતે સૂક્ષ્મબુદ્ધિવાળા ગીતાર્થ ગુરૂમહારાજે બીજા છીછરીબુદ્ધિવાળા સાધુ-મહારાજને બોધ આપ્યો.

આત્મા એ પરમાત્મા છે તેથી આપણે કોઇપણ ખોટું કાર્ય કરતા હોઇએ તો એક વખત તો અંદરથી અવાજ ઉઠે કે તું આ ખોટું કરે છે. પણ આપણે એ અવાજને બહાર આવવા દેતા નથી, અંદર જ દબાવી દઇએ છીએ.

એક માણસે કહ્યું કે વ્યાખ્યાનમાં આવેલા માણસો ખૂબજ પ્રમાણિક કહેવાય. ત્યાં બીજા ભાઇએ પૂછ્યું કે ભાઇ કેવી રીતે? પેલો માણસ કહે કે ભાઇ જો ઘરમાં રત્નોના ઢગલા પડયા હોય, કિંમતીમાં કિંમતી દાગીના છૂટા પડયા હોય એવા ઘરમાં કોઇ માણસ અંદર દાખલ થાય અને આ બધી ચીજો પર નજર નાખ્યા વિના પાછો ફરે તો આપણે તેને કેવો કહીએ? પ્રમાણિક જ ને? હા, તો સાંભળો! વ્યાખ્યાન સાંભળનાર શ્રોતાઓ વ્યાખ્યાનમાં અમૂલ્ય ઝવેરાતથી પણ કંઇ કિંમતી એવા ધર્મરૂપી ઝવેરાતને હાથ પણ લગાડયા વગર અરે! નજર પણ નાખ્યા વગર પાછા ફરે છે ને! આવા લોકોને પ્રમાણિક ન કહેવા તો કેવા કહેવા....?

ધર્મ બાબત જ્યારે સૂક્ષ્મબુદ્ધિથી વિચારીએ ત્યારે ખ્યાલ આવે કે ધર્મ જગતને શાંતિ આપે છે. કોઇ પણ જીવને પીડા કરવી એ ધર્મ નથી અહિંસા વગેરેની ઉપાસના એ ભગવાનની ઉપાસના છે.

તુલસીદાસ આ પ્રમાણે કહે છે.

**दया धर्मका मूल हैं, पाप मूल अभिमान,**
**तुलसी दया न छोडिये, जब तक घटमें प्राण.**

"દયા એ ધર્મનું મૂળ છે, ધર્મની માતા છે. પાપનું મૂળ અભિમાન છે. જ્યાં સુધી આત્મામાં પ્રાણ છે, ત્યાં સુધી ધર્મ છોડશો નહીં".

ધર્મનાં મૂળ પાયાનાં તત્ત્વો-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહતા, આ મહત્ત્વના પાંચ તત્વો છે. સાધુ ધર્મના આ પાંચ મહાવ્રતો છે.

આખા ભારતવર્ષની અંદર પતંજલિએ રચેલ યોગગ્રન્થ પ્રખ્યાત છે. એમાં આ પાંચ તત્વની વ્યાખ્યા બહુ સરસ કરેલી છે. અહિંસા-જેની અહિંસાની સાધના પરાકાષ્ઠાએ પહોંચેલી હોય એવી વ્યક્તિની પાસે જતાં બીજા માણસના બધા વૈરવિકારો નષ્ટ થાય છે વૈરભાવનાજ દૂર થઇ જાય છે. જો સમાગમ માત્રથી આવા દૂષણોથી બચી જવાતું હોય તો જીવનમાં અહિંસા આવે તો જીવન કેટલું પવિત્ર બની જાય!

ભગવાન મહાવીરની અહિંસાની સાધના પરાકાષ્ઠાએ પહોંચેલી હતી. તેથી સમવસરણમાં વાઘ અને બકરી બન્ને સાથે બેસતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય – જે માણસની સત્યની સાધના પરાકાષ્ઠાએ પહોંચેલી હોય તેનામાં વચનસિદ્ધિ પ્રગટ થાય છે. અરે તે મૂંગા માણસના મસ્તક પર હાથ મૂકે તો તે પણ બોલતો થઇ જાય. આવી સિદ્ધિ તેનામાં પ્રગટે છે જેમાં યુધિષ્ઠિર પ્રખ્યાત છે. તે સત્યવાદી તરીકે પ્રખ્યાત હતા.

એક વખત જ્યારે કૌરવો અને પાંડવોનું યુદ્ધ ચાલે છે, સામે દ્રોણાચાર્ય બાણોનો મારો ચલાવી રહ્યા છે. બધાના ગુરૂ દ્રોણાચાર્યને યુદ્ધના મેદાનમાંથી ખસેડવા કેવી રીતે? ત્યારે કૃષ્ણે આવીને યુધિષ્ઠિરને કહ્યું કે જો તમે જરા જૂઠું બોલો તો થઇ શકે. તમે એમ કહો કે અશ્વત્થામા મરાયો. અશ્વત્થામા દ્રોણાચાર્યનો પુત્ર હતો. માટે પુત્રના આઘાતથી તે હથિયાર હેઠાં મુકશે. ઘણું સમજાવ્યા ત્યારે યુધિષ્ઠિર તૈયાર થયા. હવે બને છે એવું કે અશ્વત્થામા નામનો એક હાથી પણ હતો આ હાથી યુદ્ધમાં મરાયો તેથી બધે પોકાર ઉઠયો કે અશ્વત્થામા મરાયો, અશ્વત્થામા મરાયો હવે આ વાત સાચી છે કે ખોટી તેની ખાતરી કરવા દ્રોણાચાર્ય ચાલુ યુદ્ધે યુધિષ્ઠિરને પૂછવા આવ્યા છે. શું યુધિષ્ઠિર! મારો પુત્ર અશ્વત્થામા મરાયો છે? હવે યુધિષ્ઠિર માટે ધર્મસંકટ આવ્યું. તેથી તેમણે કહ્યું કે 'નરો વા કુંજરો વા' અશ્વત્થામા મરાયો પણ માણસ કે હાથી તે હું જાણતો નથી. બસ આટલું ભળતું બોલવાથી જે પોતાનો રથ સત્યથી આકાશમાં અદ્ધર ચાલતો હતો તે એકદમ નીચે પટકાયો. કારણ તે મનમાં જાણતા હતા કે અશ્વત્થામા હાથી મરાયો છે. જીવનમાં એક જરાક ખોટું બોલતા સત્યની જે સિદ્ધિ હોય છે તે ચાલી જાય છે. આ બધા વ્રતો ભગવાનનું જ એક સ્વરૂપ છે.

## સાચો સત્યવાદી હોય તેના પ્રતાપથી અગ્નિ પણ સ્તંભિત થઇ જાય છે.

પાંચ મહાવ્રતોમાં રહેલી તાકાત કંઇ જેવી તેવી નથી. આખી પૃથ્વીને હચમચાવી નાખવાની તાકાત તેમાં રહેલી છે. તેજ રીતે તેમાં આવેલી જરા જેટલી પણ ખામી આખી ભવભ્રમણાને પણ વધારી દે તેવી છે. તેના પર જુઓ વસુરાજાનું આ દ્રષ્ટાંત.

ક્ષીરકદંબક નામના આચાર્ય પાસે નારદ તથા રાજકુમાર વસુ અને પોતાનો પુત્ર પર્વત આમ ત્રણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. એક દિવસ અધ્યયન કરીને રાત્રિના સમયે થાકેલા એવા બધા અગાશીમાં સૂતા છે ત્યાં અચાનક આચાર્યના કાને ચારણમહર્ષિનો અવાજ સંભળાય છે કે આ ત્રણ વિદ્યાર્થીઓમાંથી એક સ્વર્ગગામી છે અને બે નરકગામી છે. આ સાંભળતાં જ આચાર્ય વિચાર કરે છે કે આ ત્રણમાંથી કોણ બે નરકમાં જશે અને કોણ સ્વર્ગમાં જશે? આની ખાતરી કરવા માટે સવારે આચાર્યે લાખથી ભરેલો અને લોટથી બનાવેલો એક-એક કૂકડો ત્રણેને આપ્યો અને કહ્યું કે જયાં કોઇ ન જુએ ત્યાં આનો વધ કરવો. ત્રણે જણા કૂકડો લઇને નિર્જન સ્થાનમાં જવા નીકળે છે. વસુ અને પર્વત કોઇ નિર્જન પ્રદેશમાં જઇને કૂકડાનો વધ કરે છે. નારદ પણ નિર્જન સ્થાને જાય છે. પરંતુ ત્યાં ગયા પછી વિચારે છે કે આ કૂકડો પોતે જૂએ છે, હું જોઉં છું, જ્ઞાની ભગવંતો જૂએ છે, વિદ્યાધરો જૂએ છે. તેથી આનો વધ કેમ કરાય? વળી પૂજ્યો ક્યારેય આવો હિંસક આદેશ આપે જ નહીં. નક્કી આમાં કાંઇ રહસ્ય હશે, તેથી વધ કર્યા વિના જ પાછો ફરે છે. ત્રણે જણા આચાર્ય પાસે આવે છે. વસુ અને પર્વતને આચાર્ય ખૂબ ઠપકો આપે છે. આના પરથી આચાર્ય જાણી લે છે કે મારો પુત્ર તથા રાજકુમાર બન્ને નરકગામી છે. પોતાના પુત્રને નરકગામી જાણીને એમને પોતાને સંસાર પર વૈરાગ્ય જાગે છે. પોતે સંસાર છોડી દે છે. ઘણા વર્ષો વહી ગયા. વસુ રાજા બને છે અને નારદ પોતાના સ્થાને ચાલ્યો જાય છે તથા અધ્યાપકસ્થાને પર્વત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે વિદ્યાર્થીઓ પર્વત પાસે ભણવા આવે છે. એક દિવસ નારદ ફરતા ફરતા ત્યાં આવી ચડ્યા. પર્વત વિદ્યાર્થીઓને ભણાવી રહ્યો છે તેમાં અજા શબ્દનો અર્થ બકરો કરે છે. વાત એમ ચાલી રહી છે કે યજ્ઞમાં અજનો હોમ કરવો જોઇએ. અજાના બે અર્થ છે. ગૌણ અર્થ છે અજ એટલે ફરી નહીં ઉગતી ત્રણ વર્ષની જૂની ડાંગર અને મુખ્ય અર્થ છે બકરો. આચાર્યે અજ એટલે ત્રણ વર્ષની જૂની ડાંગર અર્થ કરેલો. અહીં તેણે બકરો અર્થ કર્યો. બન્ને વચ્ચે વિવાદ થયો. પર્વત કહે ગુરૂજીએ બકરો જ અર્થ કરેલો. જ્યારે નારદ કહે ડાંગર કરેલો. આ બન્ને જણાએ શરત કરી કે આપણા સાક્ષી તરીકે વસુ રાજા છે તેમની પાસે જઈએ. શરતમાં જે હારે તેણે પોતાની જીભ કાપી નાખવાની. આ શરત પર્વતની માતાએ સાંભળી. તેમણે એકાંતમાં પર્વતને બોલાવીને કહ્યું કે બેટા! તેં બહુ ઉતાવળ કરી. તારા પિતાજીએ અજ એટલે ડાંગર અર્થ કરેલો. જે મેં પણ ઘરકામ કરતાં સાંભળેલો. હવે શું થશે! મા પણ પુત્રમોહના કારણે ગુપ્ત રીતે વસુ રાજા પાસે જાય છે. આ બધી વિવાદની વાત કરે છે અને ખોટી સાક્ષી આપવા દબાણ કરે છે. વસુ રાજાની એ વખતે સત્યવાદી તરીકે પ્રસિદ્ધિ હતી અને તેનું સિંહાસન સ્ફટિકની શિલા પર રહેતું. જોનારને તો એ આકાશમાં જ છે તેમ લાગતું. લોકોમાં તો એવી જ પ્રસિદ્ધિ હતી કે સત્યના પ્રભાવથી વસુ રાજાનું સિંહાસન ધરતીથી અદ્ધર રહે છે. બીજા દિવસે રાજસભામાં નારદ અને પર્વત આવે છે. બન્નેના પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. સભ્યો તરીકે રહેલા પુરૂષો રાજાને કહે છે કે હે રાજન્! તમે સત્યવાદી છો, માટે જે હોય તે સત્ય કહો! ત્યારે જીવનમાં કયારેય પણ જૂઠ નહીં બોલનાર વસુ રાજા ખોટી સાક્ષી આપે છે કે ગુરૂજીએ અજ એટલે બકરો અર્થ કરેલો... બસ આટલું જ બોલતાંની સાથે નજીક રહેલા કુલદેવતાઓ કોપાયમાન થયા અને રાજાને સિંહાસન પરથી નીચે પટકયો.... લોહીનું વમન કરતો રાજા તત્કાળ જ નરકગામી થયો. એટલું જ નહીં તેની રાજગાદીએ આવનાર તેના આઠ આઠ વંશજો સુધી દરેક રાજા આ રીતે જ મૃત્યુ પામીને નરકગામી થયા [ ક્રમશઃ ]

# શોકાંજલિ

ભાવનગર-વોરા બજારની જાણીતી પેઢી મે. અમુલખરાય વિઠ્ઠલદાસ એન્ડ બ્રધર્સના ભાગીદાર અને જૈન સમાજના અગ્રણી સમાજસેવક શ્રી વાડીલાલ વિઠ્ઠલદાસ શાહ (ઉં. વ. ૭૭)નું તા. ૧૨-૮-૯૮ના રોજ હૃદયરોગના હુમલાથી દુઃખદ નિધન થયેલ છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળા અને આ સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા. તેમના નિધનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ અસહ્ય દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા
ખાર ગેઇટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઈચ્છાઓ અને માયાના આ જગતમાં
## ✠ તપ અને ત્યાગ ✠
# બંધનમાંથી મુક્ત થવાની ચાવી છે

લેખક : **મહેન્દ્ર પુનાતર**

તપ અને ત્યાગ વગર જીવનનું ઘડતર થઇ શકે નહીં. મનને સ્થિર અને દૃઢ કરવા માટે તપશ્ચર્યા જરૂરી છે. તપ એટલે માત્ર દેહદમન નથી. ભૂખ્યા રહેવું, ઉપવાસ કરવો એ માત્ર તપ નથી. તપ એટલે ઉપવાસ દ્વારા સાધના છે, ઇચ્છાને રોકવાની પ્રક્રિયા છે. તેમાં મનની શાંતિ છે આ સમાધિ અવસ્થા છે. એમાં મનની અંદર રહેલા કષાયોને દૂર કરવાના હોય છે. એમાં દમનનું નહીં, સંતોષનું મહત્વ છે. મનુષ્ય ઇચ્છાઓ પાછળ પાગલ બને તેના કરતા ઇચ્છાઓને જન્મવા જ ન દે એ તપ પાછળની ભૂમિકા છે. તપસ્વી માણસ શાંત હોય, તેનામાં ક્રોધ અને અહંકાર ન હોય, તપ કર્યા પછી તપી જવાય, મનની ઇચ્છાઓની પૂર્તિ થાય, બીજા પ્રત્યે રાગ, દ્વેષ અને પૂર્વગ્રહ ચાલુ રહે, મન અસ્થિર અને ભટકતું રહે તો એ સાચી તપશ્ચર્યા નથી. ઇચ્છાઓ અને માયાના આ જગતમાં માણસ જકડાયેલો-બંધાયેલો છે. તપ અને ત્યાગ એ આ બંધનમાંથી મુક્ત થવાની ચાવી છે

વાસના જ સંસાર છે. પછી તે વાસના ધનની હોય, પદની હોય, પ્રતિષ્ઠાની હોય કે મદની હોય, તેમાં કશો ફરક પડતો નથી. વાસના એ તો અજ્ઞાન અને બંધન છે. વાસનામાંથી મુક્તિ એટલે દુઃખમાંથી મુક્તિ. જે ક્ષણે ઇચ્છા રહેતી નથી તે ક્ષણે માણસ ખરા અર્થમાં મુક્ત બને છે. આંતરિક મૂર્છા અને અજ્ઞાનતાના કારણે આપણે આસક્ત રહીએ છીએ. અંદરથી દરિદ્ર માણસ બહારની વસ્તુઓ વડે સમૃદ્ધ થવા માગે છે. જેમ જેમ અંદરની સમૃદ્ધિ વધવા લાગે છે. તેમ તેમ બહારની સમૃદ્ધિનો મોહ નાબૂદ થવા લાગે છે.

## ભક્તિમાં પ્રભુના ચરણે બધું સમર્પિત કરીને પ્રાપ્ત કરવાનું હોય છે.

એક વખત અંતર સમૃદ્ધ થઇ ગયું તો સુખ માટે બહારના ઉપકરણોની બિલકુલ જરૂર રહેતી નથી. માત્ર વસ્તુઓના ત્યાગથી આસક્તિ છૂટે નહીં. નકામી તુચ્છ વસ્તુઓ પ્રત્યે પણ મમત્વ જાગે. જ્યારે બધુ તનથી અને મનથી છૂટી જાય છે ત્યારે યથાર્થ બને છે.

આજના જમાનામાં માણસ ધન અને કીર્તિનો ગુલામ બની ગયો છે. આને કારણે વધુ પડતો દુઃખી છે. આ એક પ્રકારનો નશો છે જે જલ્દીથી છૂટતો નથી. એક વખત તેની ચૂંગાલમાં ફસાયા પછી નીકળવાનું મુશ્કેલ છે. લોકો હંમેશા એમ કહેતા હોય છે કે 'ભાઈ આપણને ખુરશીનો મોહ નથી, આપણે તો કામ કરવું છે' પરંતુ હકીકતમાં તેને હોદ્દો આપો નહીં, ખુરશી પર બેસાડો નહીં ત્યાં સુધી તેઓ કામ કરતા નથી. કેટલાક માણસોને હોદ્દા અને માનપાન વગર કામ કરવાનું ફાવતું નથી. કેટલાક માણસો સેવાની મોટી મોટી વાત કરીને સિફતથી હોદ્દો છીનવી લેતા હોય છે. કેટલાક સહેજ આગ્રહ થાય કે સ્ટેજ પર ચડી બેસતા હોય છે. કેટલાક માઇક પર ચીટકી રહે છે તો કેટલાક માઇક ઝૂંટવી પણ લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇપણ જ્યોતિષિને, સાધુ-સંતોને પૂછો કે લોકો તમારી પાસે શા માટે આવે છે? તેમની શી કામના છે? કયા પ્રશ્નોનું તેઓ સમાધાન ઇચ્છે છે? આ બધા પ્રશ્નોનો એક જ જવાબ છે કે માણસ ધન અને કીર્તિની અપેક્ષાથી આવા આંટાફેરા કરતો હોય છે. પ્રભુની ભક્તિ પાછળ પણ આવી કાંઇક મેળવવાની મનોકામના હોય છે એટલે ભક્તિમાં જેવો રંગ આવવો જોઇએ તેવો આવતો નથી.

ધન અને કીર્તિને જીરવવાનું મુશ્કેલ છે. એક વખત પ્રાપ્ત થયા પછી જો અહંકાર, અભિમાન અને ગર્વ પેદા થાય તો મેળવેલ સિદ્ધિ પર પાણી ફરી વળે છે. ધન અને કીર્તિ મળે એમ માણસ વધુ નમ્ર, નિખાલસ અને પ્રેમાળ બનવો જોઇએ.

## આજના જમાનામાં માણસ ધન અને કીર્તિનો ગુલામ બની ગયો છે.

મહાવીર પ્રભુએ કહ્યું છે કે 'મોહમાયાનો ત્યાગ કરો, અપરિગ્રહ ધારણ કરો અને પ્રભુ ભક્તિમાં લીન થાઓ' જીવનને સરળ અને સાત્વિક બનાવવા માટેનો આ સાચો રાહ છે માણસને અણમોલ જીવન મળ્યું છે તેનો સદ્-ઉપયોગ થવો જોઇએ. આપણા માટે તો આપણે જીવીએ છીએ. થોડું બીજાને માટે પણ જીવતા શીખીએ. ધન પ્રાપ્ત થયું છે તો બીજાના આંસુ લૂંછવા તેનો સદ્ઉપયોગ કરીએ. કીર્તિની કાંચળી ઉતારીને હળવા ફુલ જેવા થઇ જઇએ. સેવા કરીએ પણ મેવાની અપેક્ષા ન રાખીએ. કીર્તિ તો પાણીના પરપોટા જેવી છે. તેને નષ્ટ થતા વાર નહીં લાગે. માત્ર સત્કાર્યો જ ટકી રહેશે. માણસની આ સાચી સંપદા છે.

ધર્મને જીવનમાં ઉતારવો જોઇએ અને ભક્તિ ભાવપૂર્વકની હોવી જોઇએ તો જ તેનો હેતુ સરે. ધર્મમાં દંભ, દિખાવટ અને માત્ર ક્રિયાકાંડ હોય તો એ સાચો ધર્મ નથી. માણસનું જીવન જેમ પ્રાણવાન હોવું જોઇએ તેમ તેની ભક્તિ પણ ધબકતી અને પ્રાણવાન હોવી જોઇએ. તેમાં ચેતના અને આનંદની અનુભૂતિના દર્શન થવા જોઇએ.

હકીકતમાં તો આપણે થાકીને, હારીને ભગવાનના શરણે જઇએ છીએ. સુખમાં પ્રભુ યાદ આવતા નથી. જરાક દુઃખ આવી પડે એટલે માનતાઓ, વ્રતો અને બાધાઓ રાખવા માંડીએ છીએ. પ્રભુના દર્શન કરતી વખતે પણ મનોમન આવી માગણી હોય છે. 'હે પ્રભુ! સુખ સમૃદ્ધિ આપજે, અમારી મુશ્કેલીઓ દૂર કરજે, અમારી મનોકામના પૂરી કરી દેજે' વગેરે વગેરે. ભીડ પડે ત્યારે ભગવાન યાદ આવે છે. ખાસ કરીને જ્યારે ભય ઉભો થાય, ઉભો થવાની સંભાવના હોય અથવા તો ભાવિનો ડર હોય ત્યારે લોકો પ્રભુનું શરણ લે છે. ભય આસક્તિમાંથી ઉભો થાય છે મોહ, માયા, લાલસા ન હોય તો ભય ઉભો થાય જ નહીં. જે લોકો સુખી અને શ્રીમંત હોય છે તેમને ડર છે કે આ બધી ભૌતિક સંપત્તિ ટકી રહેશે કે નહિ? ગરીબ લોકોને એ ડર છે કે આ દારૂણ પરિસ્થિતિ કયાં સુધી ચાલુ રહેશે? સુખ દુઃખના આ બંને અંતિમો પર માણસને પ્રભુ યાદ આવે છે જેની પાસે સુખ નથી તેને સુખની અભિપ્સા છે. જેની પાસે કહેવાતું સુખ છે તે ટકી રહે તેવી તેની મનોકામના છે. આવી શરતી ભક્તિથી પ્રભુ રીજે ખરો? જ્યાં સુધી ધર્મ અને ભક્તિનો હેતુ દુન્યવી સુખો મેળવવાનો છે ત્યાં સુધી કશું વળવાનું નથી. આવી ભક્તિમાં જીવંતપણું અને ચેતના આવતી નથી. સ્વાર્થયુક્ત ભક્તિ ફળદાયી બનતી નથી. ભક્તિમાં તો પ્રભુના ચરણે બધુ સમર્પિત કરીને પ્રાપ્ત કરવાનું હોય છે. આપણે તો વધુ મેળવીને, પ્રાપ્ત કરીને થોડુ સમર્પિત કરવાની ભાવના વ્યક્ત કરીને ભગવાન સાથે પણ છળકપટ કરીએ છીએ. આ તો સોદાબાજી છે. તેને પ્રાર્થના અને ભક્તિ કઇ રીતે ગણી શકાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર એ ઇશ્વરનું પરમાત્માનું મંદિર છે. આ મંદિરને કષાયોથી મુક્ત રાખવાનું છે. મંદિરનું રક્ષણ જરૂરી છે. પરંતુ તેને સર્વોપરી માની લેવાનું નથી. સર્વોપરી તો અંદર બિરાજેલો આત્મા છે. દેહ કરતા આત્માની વધુ સારસંભાળ લેવાની જરૂર છે. આ માટે મનને સ્વચ્છ અને નિર્મળ બનાવવાની જરૂર છે.

કોઇપણ માણસ પૂર્ણ નથી. પૂર્ણતા તરફ જવાના આપણા પ્રયાસો હોવા જોઇએ. બીજાના દોષો તરફ નજર નાખો નહીં, બીજાની ઇર્ષા કરો નહીં. ઇર્ષા અને અદેખાઇ મોટી ખાઇ છે તેમાં ભલભલા ગબડી પડયા છે. દુષ્ટ વિચારો અને આચારો માણસને અધોગતિમાં ઉતારી દે છે.

### જે ક્ષણે ઇચ્છા રહેતી નથી તે ક્ષણે માણસ ખરા અર્થમાં મુક્ત બને છે

સારા વિચારો અને સાત્વિક જીવન તેમાંથી ઉગરવાનો માર્ગ છે. પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં આનંદથી રહેવું એ પરમશાંતિ છે. ખોટી ચિંતા ફિકર કરવાની જરૂર નથી. જે પહેલા હતું નહીં અને ભવિષ્યમાં રહેશે નહીં તેની નાહક ચિંતા કરવાથી શો ફાયદો? વર્તમાનમાં જે કાંઇ છે તે સાચું છે. તેમાં સંતોષ અને આનંદની અનુભૂતિ શ્રદ્ધાની પ્રેરક બની શકે છે, આત્મવિશ્વાસ જગાવી શકે છે.

આપણે જેવું કરીશું તેવું જ પામીશું, સત્કૃત્યો અને ભલાઇ કરીશું, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ અને મૈત્રીની ભાવના રાખીશું અને બીજાને દુઃખ અને સંતાપ આપવાથી દૂર રહીશું તો તે બધું આપણા જીવન માટે ફળદાયી છે. થોર વાવીને ગુલાબની અપેક્ષા રાખી શકાય નહીં. જ્ઞાન, નીતિ અને ધર્મ એ ટકી રહેશે બાકી બધું સમય અને કાળની સાથે ઘસડાઇ જશે. આપણે જ આપણા પ્રારબ્ધના કર્તા છીએ. જેવું વાવશું તેવું લણશું....

[ મુંબઇ સમાર દૈનિકના તા. ૨૬–૪–૯૮ના જિનદર્શન વિભાગમાંથી સાભર ]

## નવપદ વિવેચન પ્રવચનો–(સમાલોચના)

પૂ.પં.શ્રી **કાન્તિવિજયજી ગણિવર**, સંપાદક : પૂ.આ.શ્રી **નરચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ. પ્રકાશન લાભ : (૧) શ્રી સૌભાગચન્દ તલકચંદ વસા, "વિતરાગ"–૬/૭, વર્ધમાનનગર, પેલેસ રોડ, રાજકોટ ૩૬૦ ૦૦૧ (૨) શ્રી પ્રાણલાલ ભુદરભાઇ શાહ, "ઋષભાનન"–૭/૯, વર્ધમાનનગર, પેલેસ રોડ, રાજકોટ ૩૬૦૦૦૧
મૂલ્ય : વાંચો–વિચારો. ક્રા. ૧૬ પેજી, પેજ ૧૧૪.

વર્ષો પૂર્વે પ્રસ્તુત વિવેચન પ્રવચન કલ્યાણ માસિકમાં ક્રમશઃ પ્રસિદ્ધ થયું હતું અને વાચકોએ એને એકી સ્વરે વધાવી લીધું હતું. આ પછી પુસ્તકાકારે એની પ્રસિદ્ધિ થઇ હતી. એને પણ એવી જ લોકચાહના મળવા પામી હતી. એ પુસ્તક કેટલાય સમયથી અપ્રાપ્ય હોવાથી ખૂબ જ સુંદર રીતે એની દ્વિતીયાવૃત્તિ રૂપે પુનઃ પ્રસિદ્ધ થવા પામી છે. ઓફસેટમાં મુદ્રિત આ આવૃત્તિ રૂપે–રંગે પણ ઠીકઠીક રળિયામણી બની છે. નવપદના વિષયમાં ટૂંકમાં છતાં સારગ્રાહી શૈલીથી તત્ત્વપ્રરૂપણાનું અવગાહન કરવા માટે આ પ્રકાશન ખરેખર ખૂબ ખૂબ ઉપયોગી થાય એવું છે. લાભ લેનાર બન્ને પરિવારો આવો લાભ લેવા બદલ ધન્યવાદને પાત્ર ગણાય. પૂજ્યશ્રીનું આવું અઢળક સાહિત્ય હજુ અપ્રગટ છે. અને એ પ્રગટ કરવામાં આવ તો સંઘ–સમાજ ઉપર ખૂબ ખૂબ ઉપકાર થવા પામે.

જિજ્ઞાસુઓને આ પુસ્તક ભેટ આપવાની ભાવના હોવાથી ભેટ મેળવવા ઇચ્છનારે પોસ્ટેજ ચાર્જ તરીકે એક જ રૂપિયાની સ્ટેમ્પ બીડવા પૂર્વક નિચેના સરનામે પત્ર લખવો.

**પ્રકાશભાઇ એમ. દોશી** : વર્ધમાનનગર, જૈન ઉપાશ્રય, પેલેસ રોડ, રાજકોટ ૩૬૦ ૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમાધિમરણની ચાવી
# 卐 શ્રી નવકાર 卐

લેખક : શ્રી કાન્તિલાલ કરમશી વિજપાર

મારા પિતાશ્રીનો યુવાકાળ ભારતની આઝાદીની લડતનાં દિવસોમાં વીત્યો હોવાનાં કારણે દેશભક્તિનાં રંગે રંગાયેલા હતા. જેથી ધંધાકીય વ્યવહારોમાં નીતિ અને નૈતિક મૂલ્યો પૂર્ણપણે જાળવ્યા હતા. સાદાઇ, સચ્ચાઇ, પ્રમાણિકતા અને માનવસેવા જેવા ગુણોનો પૂર્ણપણે તેમણે વિકાસ કર્યો હતો.

પાછલા દિવસોમાં તેઓ, કચ્છમાં રહેવાનું પસંદ હોવાથી, ધંધાકીય વ્યવહારોથી નિવૃત્ત થઇને કચ્છ-કાંડાગરા ગામે રહેતા હતા.

એક દિવસ તેમને ગળા પાસે ગાંઠ દેખાઇ. કચ્છના સ્થાનિક ડોકટરને બતાવતાં તેમણે મુંબઇ 'ચેકઅપ' કરાવવાની સલાહ આપી. નિષ્ણાત ડોકટરે કેન્સરમાં ત્રીજા સ્ટેજની કેન્સરની ગાંઠ જાહેર કરી. સહુ હેબતાઇ ગયા. ટાટા હોસ્પિટલની સારવાર શરૂ થઈ. સંપૂર્ણ રોગમુક્ત થઇ શકે એવી પરિસ્થિતિ ન હતી. એ ગાંઠની પીડા અતિશય ત્રાસદાયી ન બને તે માટે આયુર્વેદિક ઉપચારો શરૂ કર્યા, જેનાથી પીડા ઓછી થઇ પણ માનસિક શાંતિ નહોતી.

દરમ્યાન અમારા સંબંધી શ્રી ચાંપશી પ્રેમજી એમને રોજ સવારે નવસ્મરણ સંભળાવતાં તેમજ ધાર્મિક વાંચન કરતા, જેમાં પિતાજી લીન બની જતા રોજ સાંભળીને તેમને નવસ્મરણ મોઢે થઇ ગયા હતા. ચાંપશીભાઇ એક વખત બોલવામાં ભૂલી ગયા તો તેમણે તરત ભૂલ સુધારી. એક દિવસ અમારા હિતેચ્છુ, મિત્ર શ્રી કે. કે. શાહે અમને વિનમ્રભાવે સૂચન કર્યું કે, જો તમે **પૂ. આ. ભ. શ્રી લક્ષ્મણસૂરીશ્વરજી મ.સા.**ને વિનંતી કરી ઘરે પગલાં કરાવો ને એમના આશિર્વાદ મળે તો જરૂર આ બીમારીમાં રાહત મળશે. પૂ. પિતાજી સાધુસંતોનાં ખાસ પરિચયમાં ન હોવાથી તેમજ એ અંગે સંપૂર્ણ શ્રદ્ધા ન ધરાવતા હોવાથી એમની આ બાબતે મંજૂરી માગી. કોઇક પુણ્યાઇથી તેમણે સંમતિ આપીને આનંદ વ્યક્ત કર્યો. હું કે. કે. શાહ સાથે પૂ.આ.ભ.ને મળ્યો અને ઘરે પગલાં કરવાની વિનંતી કરી. **પૂ. કીર્તિચંદ્રવિજયજી મ. સા.** એ કહ્યું કે 'આમ તો મ. સા. કોઇનાં ઘરે પગલા કરવા જતા નથી. અમે બીજા કોઈ સંતોને મોકલશું.' પણ પૂ. આ. શ્રીને વિનંતી કરતાં તેમણે તરત જ સંમતિ દર્શાવી ને **પૂ. કીર્તિચંદ્રવિજયજી મ. સા.** ને કહ્યું કે, 'મારે એમનાં ઘરે જવાની ખાસ જરૂર છે' બીજે દિવસે વહેલી સવારે પૂ. આ. ભ. ઘરે આવ્યા. પિતાજીને પૂછ્યું, 'શું કરમશીભાઇ, બહુ તકલીફ છે.' પિતાજીએ ડોકું હલાવી હા પાડી. પૂ. શ્રીએ કહ્યું 'બધા ભેગા થઇ માંગલિક સાંભળો.' માંગલિક સાંભળ્યા પછી પિતાજીએ, પૂ. આ. ભ.નું ગુરુપૂજન કરવું છે તથા કંઇક વહોરાવવું છે, છેલ્લો સમય છે માટે લાભ લેવો છે.' એવી ભાવના વ્યક્ત કરી. ગુરુપૂજન કરી પછેડી વહોરાવી. પૂજ્યશ્રીએ કંઇક અભિગ્રહ લેવાનું કહ્યું. પિતાજીએ કહ્યું અભિગ્રહ લઇને પહેલાં પણ પાળી શકયો નથી. માટે એ માટે આગ્રહ ન કરો. પૂ. શ્રીએ કહ્યું કે મારો અભિગ્રહ પાળી શકાય એવો હશે પણ તે તમારે અંતરેચ્છાથી લેવો જોઇએ અને **પૂ. શ્રીએ પિતાજી પાળી શકે એવો જ અભિગ્રહ સૂચવ્યો. 'ચોવીશ કલાકમાં ફક્ત એક નવકારમંત્રનો જાપ!'** વાસક્ષેપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાખીને પૂજ્યશ્રીએ નવકારમંત્ર ગ્રહણ કરાવ્યો. પિતાજીને ખૂબ જ આનંદ થયો.

અમે રોજ પૂજ્યશ્રીના વિહારનાં સ્થળે જઈને વાસક્ષેપ લઇ આવતા અને તેમની સૂચના મુજબ સવારે થોડો વાસક્ષેપ માથામાં અને થોડો જીભ ઉપર મૂકતા. છેલ્લે એમનો વિહાર સોલાપુર બાજુનો થયો ત્યારે તેમણે પૂછયું, 'શ્રાવકને પૂછજો કે નવકાર ગણે છે ને?' પિતાજીને જણાવતાં તેમણે કહ્યું **'ફક્ત સૂવાનો સમય બાદ કરતાં બાકીના સમયે મારા મનમાં નવકારનું રટણ ચાલુ જ રહે છે!'** ને એમ કહેતાં એમની આંખમાં હર્ષના અશ્રુબિંદુ આવ્યા. પૂજ્યશ્રીને જણાવતાં તેમણે કહ્યું, 'હવે મુંબઇ મુકામે ચાંદીની ડબી લઈ આવજો.' તે મુજબ મુંબઇ જતાં એમણે ચાંદીની ડબીમાં વાસક્ષેપ આપ્યો, જેનો તેમની સૂચના મુજબ ઉપયોગ કરવા લાગ્યા.

પિતાજીની માનસિક શાંતિમાં ઉત્તરોત્તર વધારો થવા લાગ્યો. ખૂબજ શ્રદ્ધાપૂર્વક સવારે ધાર્મિક વાંચન સાંભળવા લાગ્યા. પોતાનો સમય નજીક આવ્યો જાણી તા. ૧૨-૪-૭૦ ને રવિવારે બપોરે લગભગ ચારેક વાગે વીંટી, ચાંદીનો કંદોરો તથા ઘડિયાળ ઉતારી દેવા જણાવ્યું જે તેઓ ઘણાં વરસોથી પહેરતાહતાં. નીચે સૂવાની ઇચ્છા જણાવી. જે બેસી પણ શકતા નહોતા તે બરાબર ચત્તા થઇ પગ લાંબા કરી સૂઇ શકયા. બરાબર ૧૦-૧૦ વાગે રાત્રે સમાધિપૂર્વક તેમણે દેહ છોડયો. છેલ્લે સુધી નવકારમંત્રનું રટણ ચાલુ હતું. તેમની ઘડિયાળ ઓશીકા પાસે મૂકેલ હતી, જે બરાબર ૧૦-૧૦ મિનિટે બંધ થઇ ગઈ હતી. જડ અને ચેતનનો આ કેવો અજબ સંયોગ! અને પૂ શ્રીએ આપેલ વાસક્ષેપ પણ પૂર્ણ થઈ ગયો હતો....!

બીજા દિવસે સવારે અંતિમક્રિયા કરવાની હોવાથી બજારમાં ખબર આપતાં શ્રી વેલજીભાઇ મોરારજીના ધર્મપત્ની શ્રીમતિ લક્ષ્મીબેને કહ્યું કે શું કહો છો? આજે રાતે સપનામાં મેં કરમશી મામાને ગિરિરાજ ઉપર આદેશ્વરદાદાની પૂજા કરતાં જોયા.

આ કુદરતી સંકેતોથી અમારા પરિવારની શ્રદ્ધા વધી એ માર્ગ જ જીવનમાં અપનાવવા જેવો છે એમ લાગ્યા કરે છે!

નવકારમંત્રના પ્રભાવે સહુને મૃત્યુ સમયે આવી મંગલમય સમાધિ પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના.

["જેના હૈયે નવકાર તેને કરશે શું સંસાર?" પુસ્તકમાંથી સાભાર....]

## જળ હાજર છે....



આપણો આખોયે સંસાર રણતુલ્ય છે. પગ નીચે ચિંતાની રેતી છે.... માથા પર સંકલેશોનો તાપ છે.... ગળુ લોભની અસીમ તૃષ્ણાથી સુકાય છે... જો સમયસર સંતોષ અને સદ્ગુણોનું જળ નહિ મળે તો આત્માનું દુર્ગતિગમન નિશ્ચિત છે.

સંતોષ અને સદ્ગુણોનું જળ ઉપલબ્ધ કરવામાં સહાયક બને એવા અનંત જ્ઞાનીઓ અને તેના વચનો આપણને મળતા રહ્યા છે. એ વચનો પાવન અને તારક "જળ" જેવા છે, એ જળના સથવારે આ રણતુલ્ય સંસાર પાર કરી જવાય એવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાભાર સ્વીકાર



- સન્માર્ગ પ્રકાશન – અમદાવાદ તરફથી **"મૃત્યુની મંગળ પળે... સમાધિની સાધના"** બુક નંગ – ૧
- આ. શ્રી ચંદ્રાનનસાગરસૂરિજી મ. સા. તરફથી હ. શ્રી નંદલાલભાઇ દેવલુક દ્વારા **"યક્ષરાજથી માણિભદ્ર દેવ"** નામનો દળદાર ગ્રંથ સભાને ભેટ મળેલ છે.
- શાહ કાંતિલાલ શીવલાલ – અમદાવાદ તરફથી **"કૈલાસના સંગે જ્ઞાનના રંગે"** લેખક : ગણિવર્યશ્રી જ્ઞાનસાગરજી મ. સા. નકલ – ૧
- સભાના આજીવન સભ્યશ્રી શાંતિલાલ જીવરાજભાઇ સોમાણી – ભાવનગર તરફથી **"ક્યાંય અટકો ક્યારેક અટકો"** લેખક : આ. શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મ. સા. નકલ–૧
- આ. શ્રી ૐકારસૂરિ આરાધના ભવન – સુરત તરફથી **"કર પડિક્કમણું ભાવશું"** લેખક : પં. શ્રી અભયશેખર વિજયજી ગણિ નકલ – ૧
- રત્નત્રયી ટ્રસ્ટ–મુંબઇ તરફથી **"હંસ માન સરોવરની યાત્રાએ"** લેખક : આ.શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મ. સા. નકલ – ૧
- શાહ દેવીચંદ છગનલાલ – ભીનમાલ (રાજ.) તરફથી નીચે મુજબની બે બુકો
  (૧) આચારાંગકા નીતિશાસ્ત્રીય અધ્યયન. લેખક : ડો. પ્રિયદર્શનાશ્રીજી
  (૨) આનંદઘનકા રહસ્યવાદ. લેખક : ડો. સુદર્શનાશ્રીજી
- રત્નત્રયી ટ્રસ્ટ–મુંબઇ તરફથી નીચે મુજબની ત્રણ બુકો (૧) શ્રમણો જ્યારે ભાંગે છે. (૨) યાત્રા, વનથી ઉપવન તરફ (૩) યાત્રા, પરિધિથી કેન્દ્ર તરફ.
  લેખક : આ. શ્રી વિજયરત્નસુંદરસૂરિજી મ.સા.
- શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર – કોબા તરફથી **"આપણો સંસ્કાર વારસો"** લેખક : પૂ. શ્રી આત્માનંદજી નકલ – ૨

---

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર
**પેટ્રન ફી રૂ. ૧૦૦૧/- 卐 આજીવન સભ્ય ફી રૂ. ૫૦૧/-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનાનાં મોતી

**લેખક : શ્રી લક્ષ્મીચંદભાઇ છ. સંઘવી**

શ્રી શત્રુંજય તીર્થ..........જૈનોની શ્રદ્ધાનું એ પુનિત ધામ.

મહામંત્રી ઉદયની ખ્વાહિશ હતી કે શત્રુંજય તીર્થનાં દેરાસરોનો જીર્ણોદ્ધાર કરવો. પરંતુ એ ખ્વાહિશ અધૂરી જ રહી ગઇ. હવે પિતાની ખ્વાહિશ પૂરી કરવી એ પુત્રનો ધર્મ. પુત્ર વાહડે તીર્થોદ્ધારનું ભગીરથ કાર્ય માથે લીધું. એની પાસે સંપત્તિનો સુમાર નહોતો. અઢળક ધન આ શુભ કાર્યમાં વાપરવાનો એણે મનસૂબો કર્યો. કોઇની પાસેથી એક પાઇનુંય ઉઘરાણું નહિ કરવાનું ને જીર્ણોદ્ધારમાં જે ખર્ચ આવે તે પોતે જ એકલાએ કરવાનો એણે સંકલ્પ કર્યો.

શત્રુંજયનો તીર્થોદ્ધાર ચાલતો હતો, પણ એક તરફ લોકો વાહડની વિરૂદ્ધમાં વાતો કરવા લાગ્યા. "....વાહડને શત્રુંજયના તીર્થોદ્ધાર દ્વારા પોતાની કીર્તિ વધારવાની વાંછના છે. પોતે ધનવાન છે એટલે આવા ધર્મના કાર્યમાં પણ બીજાને લાભ લેવા દેતો નથી." વાહડના કાને આ વાત પહોંચી. પહેલાં તો એ ચોંકી ઉઠયો, પણ એને લાગ્યું કે લોકોની વાત કાંઈ તદ્દન ખોટી તો નહોતી જ. એણે પોતાનો સંકલ્પ બદલ્યો. સ્વેચ્છાએ આમાં ધન આપવા આવે તો ઇન્કાર ન કરવો. લોકોને આનંદ થયો. સહુ શક્તિ પ્રમાણે જીર્ણોદ્ધારના એ ધર્મકાર્યમાં ફાળો આપવા લાગ્યા.

એવામાં એક વાર એક દરિદ્ર માનવી વાહડની પાસે આવી પહોંચ્યો. વાહડના ચરણે વંદન કરતા એ બોલ્યો : "મહારાજ ! હું નિર્ધન છું, છતાં મારે આ તીર્થોદ્ધારના કાર્યમાં ફાળો આપવો છે. મારી પાસે માત્ર સાત પૈસા જ છે. મારી વિનંતી છે કે મારો એટલો ફાળો આપ જરૂર સ્વીકારો." વાહડ એ આગંતુકને તાકી જ રહ્યો. ના ન પાડો, મહારાજ ! આ તો મારા પરસેવાની કમાણી છે.... મારી જીવનભરની સંપત્તિ છે.' વાહડે એને બાથમાં લઇ લેતાં પૂછયું : 'ભાઇ, તારો આ ફાળો જરૂર સ્વીકારીશ. તારું નામ શું ?' 'મારું નામ ભીમો છે, મહારાજ !' 'ભાઈ, તું ખરેખર મહાન છે. મૂલ્ય પૈસાનું નથી. છે ભાવનાનું, તારી વિશુદ્ધ ભાવના લાખો રૂપિયા કરતાં અનેકગણી વધારે છે.' પેલો દરિદ્ર માનવી હર્ષનાં આંસુ વેરતો પોતાની શક્તિ પ્રમાણે દાન આપીને ત્યાંથી વિદાય લઇ ચાલ્યો ગયો.

તીર્થોદ્ધારનું કાર્ય પૂર્ણ થયું ત્યારે ફાળો આપનાર દાતાઓનાં નામોની યાદી શિલા ઉપર કોતરાવીને મૂકવામાં આવી હતી. એમાં એક શિલા પર સઘળા દાતાઓની યાદી હતી, જ્યારે બીજી એક શિલા ઉપર વિશેષ નોંધ મૂકવામાં આવી. 'જેણે પોતાની જિંદગીની તમામ કમાણી તીર્થોદ્ધાર માટે આપી દીધી તે ભીમાની અમર ભાવનાને....' ધન્ય છે એવી શુદ્ધ ભાવનાવાળા ભીમાને, ને ધન્ય છે ભીમાની એ શુદ્ધ ભાવનાના પારખનાર વાહડને !

પરિણામ કરતાં પ્રયત્નનું મૂલ્ય વધારે છે ને પ્રયત્ન કરતાંય ભાવનાનું મૂલ્ય વધારે છે. ધર્મને નામે ધન વાપરનારા તો ઘણા છે, પણ એ ધનની સાથે ભાવના ન ભળે, ત્યાં સુધી તો ધૂળ ઉપરનું લીંપણ જ ગણાય ! ચાલો, આપણા હૃદયને વિશુદ્ધ ભાવનાથી છલકાવી દઇએ....

[ લેખકશ્રી લક્ષ્મીચંદભાઇ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર' માંથી જનહિતાર્થે સાભાર ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash □ □ □ Regd. No. GBV. 31

## કર્માધિન ભાગ્ય....

अवश्य खलु भोक्तव्यं
कृतं कर्म शुभाशुभम् ।
इत्येवं भाग्यसामर्थ्यं
लोक-शास्त्रेषु विश्रुतम् ।।

卐

⊠ બાંધેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે એમ ભાગ્યનું સામર્થ્ય જગજાહેર છે જે લોકમાં તથા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

卐

⊠ Karma, good or bad, ought to be inevitably experienced. Thus the power of fate is well-known to the people of the world as well as is discribed in the scriptures.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તકાલય
સને ૧૯૯૭/૯
સંવત: ૨૦૫૪

For Private And Personal Use Only